For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સયાજીરાવ સભાગૃહ ખાતે ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં ઉમેદવારી પત્રોની ચકાસણી પૂર્ણ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નવા બોર્ડની રચનાની પ્રક્રિયા તેજ: ભાજપના ૧૨ ઉમેદવારોનાં ફોર્મ મંજૂર

**કેવલ** વ્યાસનું ફોર્મ સહીના અભાવે મંજૂર ન થયું; ગેઝેટમાં નામ જાહેર થયા બાદ ચેરમેનની પસંદગી થશે



(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નવા બોર્ડની રચનાની કવાયત હવે આખરી તબક્કામાં પહોંચી છે. તાજેતરમાં ઉમેદવારો દ્વારા દાખલ કરવામાં આવેલાં ઉમેદવારી ફોર્મની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. વડોદરા મહાનગરપાલિકાના સયાજીરાવ સભાગૃહ ખાતે ચૂંટણી અધિકારીની હાજરીમાં આ ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાઈ હતી, જેમાં ભાજપના અધિકૃત મેન્ડેટ સાથે ફોર્મ ભરનારા તમામ ૧૨ ઉમેદવારી પત્રો માન્ય ઠર્યાં છે.

ચકાસણીની કામગીરી દરમિયાન ઉમેદવાર કેવલ વ્યાસનું ફોર્મ દરખાસ્ત કરનાર અને ટેકેદાર તરીકે કાઉન્સિલરની જરૂરી સહી કરાવવાના પ્રશ્ને મંજૂર થઈ શક્યું ન હોવાનું સામે આવ્યું છે. આ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે ભાજપના તમામ ૧૨ મંજૂર થયેલા ઉમેદવારોની યાદી રાજ્ય સરકારને આખરી મંજૂરી અર્થે મોકલી આપવામાં આવશે. સરકાર દ્વારા આગામી ૧૫ દિવસની અંદર આ તમામ મંજૂર થયેલા સભ્યોનાં નામ અધિકૃત ગેઝેટમાં પ્રસિદ્ધ કરાયતેવી વહીવટી પ્રક્રિયા હાથ ધરાશે. સરકારી ગેઝેટમાં નામોની સત્તાવાર જાહેરાત થઈ ગયા બાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નવા બોર્ડના ચેરમેનની પસંદગી માટેની આગળની વૈધાનિક પ્રક્રિયા શરૂ કરાશે. ગેઝેટ નોટિફિકેશન બાદ શિક્ષણ સમિતિના નવા બોર્ડનું વિધિવત ગઠન થશે અને સમિતિની કમાન કોના હાથમાં સોંપાશે તેમજ નવા ચેરમેન તરીકે કોની પસંદગી થશે તેના પર હવે સૌની નજર મંડાયેલી છે.

#### સતત ત્રીજી વખત શિક્ષણ સમિતિ બિનહરીફ: ૨૦૨૧ પછી પણ સિલસિલો યથાવત

વડોદરા મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની છેલ્લી સામાન્ય ચૂંટણી વર્ષ ૨૦૨૧માં યોજાઈ હતી. ત્યાર બાદ અત્યાર સુધીમાં શિક્ષણ સમિતિના બોર્ડની રચના માટે બે વખત પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જે બંને વખતે બિનહરીફ જાહેર થઈ હતી. હવે વર્તમાન પ્રક્રિયા સાથે આ સતત ત્રીજી વખત છે જ્યારે ચૂંટણી યોજાયા વિના ઉમેદવારો બિનહરીફ વિજેતા તરીકે ચૂંટાઈ આવ્યા છે. વિરોધ પક્ષો કે અન્ય દાવેદારો દ્વારા યોગ્ય પ્રક્રિયા કે ઉમેદવારી નોંધાવવામાં ન આવતાં અથવા ફોર્મ રદ થતાં ભાજપના તમામ ૧૨ ઉમેદવારો બિનહરીફ થવાનો માર્ગ સુગમ બન્યો છે.

### લેબર કાયદા અને ESI કાયદામાં ફેરફારના વિરોધ : બેદિવસીય હડતાળ

# કામદારોના હિત માટે વડોદરા લેબર કોર્ટને તાળાં મારી વકીલો રસ્તા પર ઉતર્યા

**આગામી** દિવસોમાં માંગણી નહીં સ્વીકારાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.13

નવા લેબર કોડ અને ESI કાયદામાં કરવામાં આવેલા ફેરફારોના વિરોધમાં વડોદરામાં વકીલો અને યુનિયન પ્રતિનિધિઓએ વિરોધનો સૂર ઉઠાવ્યો હતો. કામદારોના હિતોનું રક્ષણ કરવાની માગ સાથે લેબર કોર્ટની તાળાબંધી કરી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. લેબર લોઝ પ્રેક્ટિસનર્સ એસોસિએશન, વડોદરા દ્વારા બે દિવસીય હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. આ વિરોધ સમગ્ર ગુજરાતમાં પણ જોવા મળી રહ્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા લેબર કાયદાઓમાં કરવામાં આવેલા ફેરફારો સામે કામદારોના હિતોનું રક્ષણ કરવાની માગ સાથે વડોદરામાં વકીલો અને વિવિધ યુનિયનોના પ્રતિનિધિઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. લેબર લોઝ પ્રેક્ટિસનર્સ એસોસિએશન, વડોદરા દ્વારા બે દિવસીય હડતાળનું આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે લેબર કોર્ટની તાળાબંધી કરી વકીલો અને યુનિયન પ્રતિનિધિઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ કરી રહેલા વકીલો અને યુનિયનના પ્રતિનિધિઓએ લેબર કાયદા તથા ESI કાયદામાં કરવામાં આવેલા ફેરફારો સામે નારાજગી વ્યક્ત કરી હતી. નવા કાયદાઓથી કામદારોના હકો અને હિતો પર વિપરીત અસર થવાની આશંકા વ્યક્ત કરીને ફેરફારોની સમીક્ષા કરવાની માગ ઉઠાવવામાં આવી હતી. કામદારોના હિતોની જાળવણી અને શ્રમિકોને કાયદાકીય રક્ષણ મળી રહે તે હેતુથી વકીલોએ હડતાળના માધ્યમથી વિરોધ નોંધાવ્યો હતો. વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં લેબર કાયદાના ફેરફારો સામે વકીલો અને યુનિયન પ્રતિનિધિઓ વિરોધ કરી રહ્યા છે. સરકાર દ્વારા આ મુદ્દે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

### વડોદરા સાયબર ક્રાઈમની કામગીરી સામે સવાલો

# સાયબર ઠગાઈનો ગ્રાફ સતત ઊંચે ડિટેક્શનનો આંકડો તળિયે..!

**ઘણા આરોપીઓ સામે બેની ધરપકડથી જ સાયબર ક્રાઈમ પોલીસની વાહવાહી ફ્રોડના અનેક ગુનાઓ છતાં ભોગ બનેલા લોકોને ન્યાયની આશા ધૂંધળી**

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરમાં સાયબર માફિયાઓ બેફામ બનીને નાગરિકો સાથે અલગ-અલગ પ્રકારે છેતરપિંડી કરી કરોડો રૂપિયા પડાવી રહ્યા છે. છેલ્લા ઘણા મહિનાઓમાં સાયબર ઠગાઈના અસંખ્ય ગુનાઓ નોંધાયા હોવા છતાં ગુનાઓનો ગ્રાફ સતત ઊંચે જઈ રહ્યો છે, જ્યારે ડિટેક્શનના આંકડા સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. ગુનાઓ વધતા જાય છે, પરંતુ આરોપીઓ સુધી પહોંચવામાં પોલીસ કેટલી સફળ થઈ છે તે અંગે સ્પષ્ટ ચિત્ર સામે આવતું નથી.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના એસીપીના કાર્યકાળ દરમિયાન નોંધાયેલા ગુનાઓ અને તેની સામે થયેલી ધરપકડના આંકડાનું વિશ્લેષણ કરવામાં આવે તો કામગીરીની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ થઈ શકે છે. તાજેતરમાં અનેક ગુનાઓ વચ્ચે માત્ર બે આરોપીઓની ધરપકડ કરીને પોલીસ દ્વારા કામગીરીની સફળતા દર્શાવાઈ રહી છે, ત્યારે બાકીના ગુનાઓના ભેદ ઉકેલવા અને ઠગાયેલા નાગરિકોના નાણાં પરત અપાવવા માટે કેટલા નક્કર પ્રયાસો થયા તે અંગે સવાલો ઊભા થયા છે.

## ઝાયડેક્સ કંપનીના ડિરેક્ટરનો ડોળ રચી રૂ.૧.૦૩ કરોડ પડાવ્યા

**ક્યાંક ક્રેડિટ કાર્ડ અને સોફ્ટવેર અપડેટના નામે ખાતાં સાફ કર્યાં**

(પ્રતિનિધિ) વડોદરા તા.13

ગોત્રી-સેવાસી રોડ પર આવેલી ઝાયડેક્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડિરેક્ટર ડૉ. અજય રાનકાના નામ અને વોટ્સએપ પ્રોફાઈલ ફોટાનો ઉપયોગ કરી ઠગોએ જનરલ મેનેજર સુભાષ ગુપ્તાને વિશ્વાસમાં લીધા હતા. ગત 9 ઓક્ટોબરે અજાણ્યા નંબર પરથી આવેલા મેસેજમાં ઠગે પોતે મીટિંગમાં હોવાનું જણાવી ફોન નહીં કરવા સૂચના આપી હતી. ત્યારબાદ પેમેન્ટ માટે બેંક ખાતાંની વિગતો મોકલી ચાર વ્યવહારોમાં કુલ રૂ.1.03 કરોડ ટ્રાન્સફર કરાવી લીધા હતા. કંપનીના DBS અને સિટી બેંક ખાતાંમાંથી નાણાં ટ્રાન્સફર થયાં હતાં. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

#### નંદેસરી GIDCમાં શેડના વેચાણમાં રૂ.૫.૮૩ લાખની છેતરપિંડીનો આક્ષેપ

નંદેસરી GIDC વિસ્તારમાં નાગામી નિકોટીન પ્રાઈવેટ લિમિટેડ કંપનીના શેડના વેચાણ વ્યવહારમાં રૂ.5.83 લાખની છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કર્યાની ફરિયાદ નોંધાઈ છે. ડિરેક્ટર મકસુદ સૈયદની ફરિયાદ મુજબ, શેડ ટ્રાન્સફર માટેની ફી અને પેનલ્ટીના રૂ.5.83 લાખના ડિમાન્ડ ડ્રાફ્ટ તૈયાર કરાયા હોવા છતાં GIDCમાં જમા કરાવ્યા નહોતા. ત્યારબાદ વેચાણ દસ્તાવેજમાં રૂ.28.25 લાખની કિંમત દર્શાવી રકમ ચૂકવાઈ હોવાનો ઉલ્લેખ કરાયો હતો. ફરિયાદીએ પોતાના લેટરપેડ પર ખોટી સહી કરી બનાવટી પત્રનો ઉપયોગ કરાયાનો પણ આક્ષેપ કર્યો છે. નંદેસરી પોલીસે શ્રી રંગ કન્વર્ટર્સ તથા તેના ભાગીદારો રાજેશ દસાડીયા અને સંજય દસાડીયા સામે ગુનો નોંધ્યો છે.

#### મોબાઇલ હેક કરી રૂ.૭૫ હજારની ઠગાઈ

કિશનવાડીના દેવરાજ સોસાયટીમાં રહેતા મહેશભાઈ ચૌધરીના મોબાઇલમાં સોફ્ટવેર અપડેટની નોટિફિકેશન મોકલી ઠગોએ મોબાઇલ હેક કર્યો હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ મોબાઇલમાં રહેલી બેંકિંગ સંબંધિત માહિતીનો દુરુપયોગ કરી કોટક મહિન્દ્રા બેંકના ખાતામાંથી રૂ.75 હજાર ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. આ અંગે વારસિયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પીઆઈ વાય.જી. મકવાણાએ તપાસ હાથ ધરી છે.

#### પ્રોટેક્શન ફી માફ કરવાની લાલચમાં રૂ.૧.૯૨ લાખ ગુમાવ્યા

સોમાતળાવની દર્શનમ એટેલિયા સોસાયટીમાં રહેતા 36 વર્ષીય દિગ્વિજયસિંહ ગઢવીને અજાણ્યા શખસે ઇન્ડસઇન્ડ બેંકના ક્રેડિટ કાર્ડ વિભાગના કર્મચારી તરીકે ઓળખ આપી ફોન કર્યો હતો. ક્રેડિટ કાર્ડ પર લાગેલી રૂ.2,499ની પ્રોટેક્શન ફી માફ કરાવવાની લાલચ આપી નકલી વેબસાઇટ પર પ્રક્રિયા કરાવી OTP એન્ટર કરાવ્યો હતો. ત્યારબાદ તેમના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.1,92,876ની ખરીદી થઈ ગઈ હતી. આ અંગે કપુરાઈ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### 3 નોરતા થઈ ગયા છતાં ખોરાકા શાખા દ્વારા ચેકિંગ શૂન્ય

# ગરબા મેદાનોમાં ખાણીપીણીના સ્ટોલ્સ પર પાલિકાના આંખ આડા કાન

**30થી** વધુ મોટા ગરબા આયોજનોમાં ફૂડ સેફ્ટી અને લાયસન્સ વગર ધમધમી રહ્યા છે અસંખ્ય સ્ટોલ્સ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

સંસ્કારી નગરી વડોદરામાં નવરાત્રી મહોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. શહેરના 30થી વધુ મોટા ગરબા મેદાનોમાં રોજના લાખો ખેલૈયાઓ અને દર્શકો ઉમટી રહ્યા છે. પરંતુ આ ગરબા સ્થળો પર વેચાતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા બાબતે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ખોરાક શાખા સંપૂર્ણપણે નિષ્ક્રિય પુરવાર થઈ રહી છે. નવરાત્રીના દિવસો વીતી ગયા હોવા છતાં પાલિકાની ટીમો દ્વારા મેદાનોમાં ચાલતા એક પણ ફૂડ સ્ટોલ પર સરપ્રાઈઝ ચેકિંગ કે સેમ્પલિંગ હાથ ધરવામાં આવ્યું નથી.

ગરબા રમ્યા બાદ ખેલૈયાઓ મેદાનમાં ઊભા કરાયેલા સ્ટોલ પરથી ફાસ્ટ ફૂડ, તળેલી વાનગીઓ અને ઠંડા પીણાંનો ઉપયોગ કરતા હોય છે. નિયમ મુજબ, આવા જાહેર પ્રસંગોમાં ખાદ્ય સામગ્રીનું વેચાણ કરતા પૂર્વે FSSAI નું લાયસન્સ કે નોંધણી હોવી આવશ્યક છે. પરંતુ વડોદરાના ગરબા મેદાનોમાં મોટા ભાગના સ્ટોલધારકો પાસે કોઈ પણ પ્રકારના પ્રમાણપત્રો નથી. વપરાતા તેલની ગુણવત્તા, વાસી ખોરાક અને અસ્વચ્છતા અંગે કોઈ તપાસ ન થતાં ખેલૈયાઓના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે.

વડોદરા કોર્પોરેશન પાસે સ્થળ પર જ તપાસ કરી શકે તેવી 'મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાન' ઉપલબ્ધ છે. તેમ છતાં ખોરાક શાખા આ સાધનોનો ઉપયોગ કરવાને બદલે હાથ પર હાથ ધરીને બેસી રહી છે. જો તંત્ર દ્વારા ત્વરિત કડક તપાસ કરવામાં નહીં આવે, તો દૂષિત ખોરાકના કારણે ફૂડ પોઈઝનિંગ જેવી ગંભીર હોનારત સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે.

#### સ્ટોલ્સ પર ચકાસણી કરવા મ્યુ. કમિશનરના આદેશ

નવરાત્રિ દરમિયાન નાગરિકોની સુરક્ષા અને આરોગ્ય જાળવવા મ્યુનિ. કમિશનર અરુણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. ગરબા સ્થળોએ સીસીટીવી કેમેરા, ફાયર સેફ્ટી અને ફાયર એનઓસીની ચકાસણીના આદેશ અપાયા છે. મહિલાઓની સુરક્ષા માટે પોલીસની સી-ટીમ્સ તૈનાત રહેશે. અંધારા વિસ્તારો દૂર કરવા તેમજ ખાણીપીણીના સ્ટોલ પર સ્વચ્છતા અને ગુણવત્તા જાળવવા ફૂડ સેફ્ટી ટીમો ચેકિંગ કરશે. મનપાએ નાગરિકોને પણ સ્વચ્છતા જાળવવા અપીલ કરી છે.

# નિઝામપુરા વિસ્તારની ભવાનીપુરા સોસાયટીમાં પાણી જોડાણ મુદ્દે વિવાદ

**15 દિવસથી** સમસ્યા વણઉકેલી; રહીશોનો વિરોધ, ઉકેલ નહીં આવે તો ચક્કાજામની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા તા.13

શહેરના નિઝામપુરાની ભવાનીપુરા સોસાયટીમાં પાણીની લાઈનના નવા જોડાણને લઈને વિવાદ વકર્યો છે. પાણીની અપૂરતી સુવિધાથી પરેશાન રહીશોએ આજે એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો.

સોસાયટીમાં અંદાજે 100 મકાનોને મ્યુનિ. કોર્પોરેશનની છ ઈંચની પાઈપલાઈન મારફતે પાણી પૂરું પાડવામાં આવે છે. જોકે, વધુ ભારણના કારણે પૂરતા પ્રમાણમાં અને યોગ્ય દબાણથી પાણી મળતું નથી. આ સ્થિતિમાં મુખ્ય લાઈનમાંથી અન્ય ચાર મકાનો માટે ચાર ઈંચની નવી લાઈનનું જોડાણ આપવાની તજવીજ હાથ ધરાતાં રહીશોમાં નારાજગી ફેલાઈ છે.

રહીશોનું કહેવું છે કે પહેલેથી જ પાણીનું દબાણ ઓછું છે, ત્યારે વધુ જોડાણ અપાતાં સોસાયટીના છેવાડાનાં મકાનોમાં પાણીની સમસ્યા ગંભીર બનશે. ખાસ કરીને દૈનિક ઘરવપરાશ, રસોઈ અને અન્ય જરૂરી કામકાજ માટે પૂરતું પાણી ન મળતાં પરિવારોને હાલાકીનો સામનો કરવો પડી શકે છે. રહીશોએ તંત્ર સમક્ષ વહેલી તકે યોગ્ય વ્યવસ્થા કરવાની માગ કરી છે. છેલ્લા 15 દિવસથી રજૂઆતો છતાં ઉકેલ નહીં આવતાં રહીશોએ વિરોધ કર્યો હતો. રહીશોએ ચીમકી આપી છે કે મધ્યમાંથી જોડાણ આપવાને બદલે સ્વતંત્ર જોડાણની વ્યવસ્થા કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ચક્કાજામ સહિતનું ઉગ્ર આંદોલન કરવામાં આવશે. તંત્ર દ્વારા સમયસર ઉકેલ લાવવામાં આવે તેવી રહીશોએ માગ કરી છે.

# દિવાળી સુધી UPI MDR નહીં લાગે, વેપારીઓમાં ખુશીનો માહોલ

**તહેવારોની** સિઝનને ધ્યાને લઈ NPCI નો નિર્ણય મોકૂફ, CAIT ગુજરાતે આવકાર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા સહિત દેશભરના વેપારીઓ માટે રાહતનો નિર્ણય લેવાયો છે. પસંદગીના વ્યક્તિ-થી-વેપારી યુપીઆઈ વ્યવહારો પર વેપારી ડિસ્કાઉન્ટ રેટ લાગુ કરવાનો નિર્ણય નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એ દિવાળી પછી ઠેલ્યો છે. આજે મુંબઈ ખાતે મળેલી યુપીઆઈ સેવાઓ સંચાલન સમિતિની બેઠકમાં તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

યુપીઆઈ પર એમડીઆરના વિરોધમાં અગાઉ વેપારી સંગઠન કેઈટ દ્વારા આ ચાર્જનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. વેપારીઓનું કહેવું હતું કે તહેવારો ટાણે એમડીઆર લાગવાથી નાના વેપારીઓને આર્થિક ફટકો પડશે. આ નિર્ણયને વડોદરાના વેપારીઓએ આવકાર્યો છે. કેટ ગુજરાતના પ્રમુખ અને વડોદરા વેપાર વિકાસ એસોસિએશનના પરેશ પરીખે જણાવ્યું હતું કે, વડોદરા એ વેપારી શહેર છે.

દિવાળીના તહેવારોમાં માંગરોળ, માંડવી, રાવપુરા, અલકાપુરી જેવા બજારોમાં ડિજિટલ પેમેન્ટનું પ્રમાણ ખૂબ વધી જાય છે. ત્યારે આ નિર્ણયથી વડોદરાના હજારો નાના-મોટા વેપારીઓને સીધી રાહત મળશે અને ગ્રાહકોનો યુપીઆઈ પરનો વિશ્વાસ જળવાઈ રહેશે. એનપીસીઆઈ એ ભારતની રિટેલ પેમેન્ટ સિસ્ટમની છત્ર સંસ્થા છે, જેની સ્થાપના આરબીઆઈ અને આઈબીએ દ્વારા કરાઈ છે. યુપીઆઈ, રૂપે, આઈએમપીએસ જેવી સેવાઓ દ્વારા તેણે દેશમાં ડિજિટલ ક્રાંતિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

### પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટરમાં રોલ નંબર હાજરી યાદીમાં ન મળતાં શંકા ગઈ

# પોલીસ ભરતીમાં બોગસ કોલ લેટર કાંડ દસ્તાવેજ ચકાસણીમાં ૧૯ વર્ષની યુવતી ઝડપાઈ

**કોલલેટર** ડુપ્લિકેટ હોવાનું સામે આવ્યું : ખોટો કોલલેટર ક્યાંથી મેળવ્યું અને તેનો ઉપયોગ કરવા પાછળનો હેતુ શું હતો તે દિશામાં તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરામાં લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયા દરમિયાન બોગસ કોલલેટર રજૂ કરવાનો કિસ્સો સામે આવ્યો છે. પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે દસ્તાવેજ ચકાસણી દરમિયાન કોલલેટરમાં દર્શાવેલો રોલ નંબર હાજરી યાદીમાં ન મળતાં સમગ્ર મામલો શંકાસ્પદ બન્યો હતો. પ્રાથમિક તપાસમાં કોલલેટર ડુપ્લિકેટ હોવાનું જણાતાં નવસારીની 19 વર્ષીય યુવતી વિરુદ્ધ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નવડિયા ગામના રહેવાસી સંજયકુમાર વસાવા છોટાઉદેપુર પોલીસ અધિક્ષકની કચેરીમાં કચેરી અધિક્ષક તરીકે ફરજ બજાવે છે. લોકરક્ષક કેડરની ભરતીની દસ્તાવેજ ચકાસણી માટે તેમની નિમણૂક વડોદરાના પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે કરવામાં આવી હતી. તેઓ સંકલન ટીમના ઈન્ચાર્જ તરીકે વિવિધ ટીમોની કામગીરીનું સુપરવિઝન કરવા ઉપરાંત ઉમેદવારોની હાજરી નોંધવાની જવાબદારી પણ સંભાળતા હતા.

ગત 12 ઓક્ટોબરના રોજ બપોરની શિફ્ટમાં નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના કાંટાવેલ ગામના પારસી ફળિયામાં રહેતી કેતીબેન કમલેશ પટેલ (ઉં.વ. 19) દસ્તાવેજ ચકાસણી માટે પહોંચી હતી. તેણે ચકાસણી દરમિયાન પોતાનું કોલલેટર રજૂ કર્યું હતું. જોકે, કોલલેટરમાં દર્શાવેલો રોલ નંબર બપોરની શિફ્ટની હાજરી યાદીમાં ન મળતાં અધિકારીઓને શંકા ગઈ હતી.

આ અંગે સંકલન ટીમના ઈન્ચાર્જે નોડલ અધિકારીને જાણ કરતાં કોલલેટરની પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં કોલલેટર ડુપ્લિકેટ હોવાનું જણાતાં તેને કબજે કરવામાં આવ્યું હતું અને સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ દસ્તાવેજ ચકાસણીની કામગીરી પૂર્ણ થયા બાદ સંજયકુમાર વસાવાએ યુવતી વિરુદ્ધ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હવે પોલીસ યુવતીએ બોગસ કોલલેટર ક્યાંથી મેળવ્યું, તે કોણે તૈયાર કર્યું અને ભરતી પ્રક્રિયામાં તેનો ઉપયોગ કરવા પાછળ શું હેતુ હતો તે સહિતના મુદ્દે તપાસ કરશે.

### અબોલ જીવની અનોખી સેવા | વડોદરામાં માનવતાને શરમાવે તેવી મૂગા પ્રાણીઓની કરુણાનું પ્રેરણાદાયી ઉદાહરણ

# ૫ વર્ષની ગોલ્ડન રેટ્રીવર 'ડેઝીએ' છઠ્ઠી વખત કર્યું બ્લડ ડોનેશન

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૨

શહેરમાંથી અબોલ જીવ પ્રત્યેની કરુણા અને સંવેદનાનું એક અનોખું અને પ્રેરણાદાયી ઉદાહરણ સામે આવ્યું છે. વડોદરામાં રહેતી ૫ વર્ષની ગોલ્ડન રેટ્રીવર નસ્લની 'ડેઝી' નામની શ્વાને એક બીમાર સ્વાનનો જીવ બચાવવા માટે છઠ્ઠી વખત રક્તદાન કરીને માનવતાની સાચી વ્યાખ્યા પ્રસ્થાપિત કરી છે. મળતી માહિતી મુજબ, સિસ્તઝુ નસ્લના એક નર શ્વાનને પથરીની ગંભીર તકલીફ હોવાથી તેનું ઓપરેશન કરવાનું અનિવાર્ય બન્યું હતું. પરંતુ, ઓપરેશન અગાઉ તે શ્વાનના લોહીના કાઉન્ટ ખૂબ જ ઓછા હોવાના કારણે ડોક્ટરો દ્વારા તેને તાત્કાલિક લોહી ચડાવવાની જરૂરિયાત ઊભી થઈ હતી. આવા મુશ્કેલ અને નાજુક સમયમાં ૫ વર્ષની ડેઝીએ સમયસૂચકતા દાખવી બ્લડ ડોનેટ કર્યું હતું, જેના લીધે બીમાર શ્વાનની સફળ સારવારનો રસ્તો ખુલ્લો થયો હતો. આ ઘટના વિશે વિશેષ ઉલ્લેખનીય બાબત એ છે કે ડેઝી માટે રક્તદાન કરવાની આ પહેલી ઘટના નથી. તે અગાઉ પણ અલગ-અલગ સમયે પાંચ વખત બ્લડ ડોનેશન કરી ચૂકી છે અને આ તેની છઠ્ઠી વખત અબોલ જીવની સેવા કરવાનો વિક્રમ છે.





નિઃસ્વાર્થ સેવા અને કરુણાની ભાવના માત્ર મનુષ્યોમાં જ નહીં પરંતુ અબોલ જીવોમાં પણ ઉચ્ચ સ્તરે જોવા મળે છે તેનું આ ઉત્તમ જીવંત ઉદાહરણ છે. વડોદરાની આ વ્હાલી અને સેવાભાવી 'ડેઝી' હાલ સમગ્ર શહેરમાં અબોલ જીવો પ્રત્યેની અનોખી સેવા અને જીવદયાના કારણે ભારે ચર્ચા અને આદરનું કેન્દ્ર બની છે. આ સરાહનીય પહેલથી પ્રેરાઈને અન્ય પાલતુ પ્રાણી માલિકોમાં પણ રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાઈ રહી છે.

# કોમર્સ ફેકલ્ટીમાં રી-ઈન્ટર્નલ પરીક્ષા રદ થતા વિદ્યાર્થીઓને હાલાકી, NSUIનો વિરોધ

**અઠવાડિયામાં** નિર્ણય નહીં આવે તો હેડ ઓફિસની તાળાબંધીની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા, તા.13

એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી ખાતે રી-ઈન્ટર્નલ પરીક્ષા રદ કરવાના નિર્ણય સામે એનએસયુઆઈએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તેમજ એક અઠવાડિયામાં નિર્ણય નહીં આવે તો હેડ ઓફિસની તાળાબંધીની ચીમકી પણ ઉચ્ચારી હતી.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં આ વર્ષથી રી-ઈન્ટર્નલ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ મુદ્દે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર કરતા ડીન ઓફિસે પહોંચી વિરોધ નોંધાવ્યો હતો. ડીન ગેરહાજર હોવાથી હાજર પ્રોફેસરને લેખિત આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું છે કે, સીએસ, સીએ, સીએમએ જેવી અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ અથવા પરિવારમાં આકસ્મિક સંજોગોના કારણે ઘણા વિદ્યાર્થીઓ નિયમિત પરીક્ષા આપી શકતા નથી. તેવા વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાને લઈને રી-ઈન્ટર્નલ પરીક્ષા ફરી શરૂ કરવી જરૂરી છે. આ અંગે વિદ્યાર્થી અગ્રણી માઝ મન્સૂરીએ જણાવ્યું હતું કે, એક અઠવાડિયામાં આ મુદ્દે યોગ્ય નિર્ણય લઈ નિરાકરણ લાવવામાં નહીં આવે તો હેડ ઓફિસની તાળાબંધી સહિત ઉગ્ર આંદોલન કરવામાં આવશે.